

સાક્ષી પુરાવે નિરંતર, જ્યાં દેવલોકના દેવર્ષિ
એવો ગરવો એ ગિરનાર
જાણે યુગોથી પોઢી રહ્યાં, કોઈ મહર્ષિ
યાદ અપાવે જે ક્ષણે-ક્ષણે પ્રભુ નેમની
ગિરનાર વંદનમ્ વર્ષાવાસ
PARASDHAM

પૂજ્ય ડુંગર-જય-માણેક-પ્રાણ-રતિ ગુરૂભ્યો નમઃ

પૂજ્ય જશ-ઉત્તમ-પ્રાણ ગુરૂભ્યો નમઃ

ધન્ય ધરા ગિરનાર પારસધામના પ્રાંગણે

તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ શ્રી રતિલાલજી મહારાજ સાહેબના કૃપાપાત્ર સુશિષ્ય

**રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ**

પૂજ્ય શ્રી પ્રબોધિકાબાઈ મહાસતીજી આદિ સંત-સતીજીઓના સાંનિધ્યે

આત્મીય આમંત્રણ

# ગિરનાર
# વંદનમ્ વર્ષાવાસ

ગિરનારના પગથારે... ગુરુવરના સથવારે

5th July 2025
• શનિવાર •
સાંજે 07:30 કલાકે

## ચાતુર્માસ પ્રવેશ શુભેચ્છા સમારોહ

## ગુરૂપૂર્ણિમા ઉત્સવ

6th July 2025
• રવિવાર •
સવારે 08:30 કલાકે

• આમંત્રક •

卐 પારસધામ ગિરનાર 卐

ધર્મવત્સલા માતુશ્રી કાશ્મિરાબેન કાંતિભાઈ શેઠ પરિવાર

PARASDHAM રૂપાયતન રોડ, ગિર ફાર્મ, ભવનાથ, જૂનાગઢ, ગુજરાત - 362001





# ...આવો પધારો...

ગિરનારની
સ્પર્શના કરતું
ત્રીજું ચાતુર્માસ



**ધર્મ અનુરાગી દેવાનુપ્રિય શ્રી** ____________________

વંદનીય એ ભૂમિના રજ પરમાણુ... જે પ્રભુ નેમના પાવન ચરણોની સ્પર્શના પામ્યાં!
અહો વંદનીય, એ ભૂમિના કણ-કણ... જ્યાં પ્રભુ નેમની ભગવંતતાના ઇતિહાસ રચાયા!
એવી ગરવા ગિરનારની એ ધન્ય ધરા પર... ફરી પ્રસરાશે, ધર્મના અજવાળા
ફરી રચાશે ભવ્ય ઇતિહાસ, તપ-ત્યાગ,ભક્તિ-ભાવના અને શ્રદ્ધા-સમર્પણતા તણા!

ફરી પામશે ભૂમિના રજ પરમાણુ... ગુરુ ભગવંતના શ્રીચરણોની પાવન સ્પર્શના!
કે ભવ્ય જીવોને તારવા-ઉગારવા પધારી રહ્યાં, આપણા સહુના તારણહારા... આપણી જીવન નૈયાના ખેવનહારા...

**રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ આદિ સંત– સતીજીઓના**
**ગિરનાર વંદનમ વર્ષાવાસ**ના મંગલ પ્રવેશ અવસરે
આપણા સહુની અંતરભક્તિના અત્તર છાંટણે... અંતર અહોભાવના ઓવારણે આનંદ ઉલ્લાસના વધામણે
ચાતુર્માસ મંગલ આગમનને વધાવવા, અમને ભક્તિ-સેવાનો લાભ આપવા
આપશ્રીને બંધુ-સ્વજન-સખા પરિવાર સાથે પધારવા... ભાવભર્યું આમંત્રણ

**– શ્રી શેઠ પરિવાર**



5th July 2025

6th July 2025

# ગુરુપૂર્ણિમા ઉત્સવ

ગુરુ મળ્યા ઋણાનુંબંધથી, ગુરુ ફળશે સહકર્મિતાથી
શિષ્ય એ હોય જેનો સદાય ગુરુ સાથે સમાન થવાનો ભાવ હોય!

| તદ્દિટ્ઠિએ | तम्मुत्तीए | तप्पुरक्कारे | तस्सण्णी | तण्णिवेसणे |
|---|---|---|---|---|
| જેવી ગુરુની દૃષ્ટિ તેવી મારી દૃષ્ટિ | મારું મન ગુરુમાં તન્મય | મારા ભાવમાં ગુરુ અહોભાવ | જેવી ગુરુની ઈચ્છા તેવી મારી ઈચ્છા | ગુરુના હૃદયે વસવું |

જેવી મારા ગુરુની વિચારધારા, તેવી મારી વિચારધારા
જેવા મારા ગુરુના ભાવ, તેવા જ સદા મારા ભાવ...
હું અને મારા ગુરુ બનશું એકાકાર
જ્યારે થશે એકરૂપ મારા અને મારા ગુરુના વિચાર
સંસારમાં રહીને પણ ઘટશે ગુરુ સંગ મારું અંતર
જ્યારે મારા વિચારોનું થશે સમ્યક્ ઘડતર!

**સમ્યક્ વિચારથી સમ્યક્ આચરણ**

# ઉપકાર વિનય ધર્મનું આભૂષણ



અમારી હૃદયધરાના આરાધ્ય! હે ગુરુદેવ! ક્યા જન્મના પુણ્ય જાગ્યાં મારા પરિવારના,
કે ગુરુ સ્વરૂપે આપશ્રીનો કલ્યાણકારી યોગ થયો! ધન્ય બન્યો મારો પરિવાર... ને ધન્ય બન્યો મારો જન્મારો!
કે જીવનની અંતિમ ક્ષણ સુધી, અંતિમ શ્વાસ સુધી, મારું હૃદય આપશ્રી પ્રત્યેની
સ્મૃતિ ભક્તિધારા વહાવી પાવન બની ગયું!

**અંતરિક્ષથી ધર્મવત્સલ શ્રી કાંતિભાઈ લાધાભાઈ શેઠ**



અમારા હૃદયધરાના પૂજનીય હે ગુરુદેવ!
અમારા જીવનમાં આપનું આગમન, જાણે કે, દરેકના હૃદયમાં સેવા-સમર્પણતા અને શ્રદ્ધાના સંસ્કારોનું આગમન!
તપસમ્રાટ ગુરુદેવના આશીર્વાદ અને આપની કૃપાથી,
અમારો સમગ્ર પરિવાર પૂજનીય સંત-સતીજીઓની સેવા, વૈયાવચ્ચ અને ભક્તિ કરીને ધન્ય બની રહ્યો!
ગિરનાર વંદનમ્ વર્ષાવાસનો અમૂલ્ય લાભ આપીને, અમારા પરિવાર પર અસીમ કૃપા વરસાવનારા હે ગુરુદેવ!
મારા જીવનના અંતિમ શ્વાસમાં પણ, આપ પ્રત્યેની શ્રદ્ધા-ભક્તિનો વાસ રહે, એવી કૃપા યાચના આપના શ્રીચરણમાં કરું!

## સમગ્ર ચાતુર્માસના પુણ્યવંતા લાભાર્થી

# ધર્મવત્સલા માતુશ્રી કાશ્મિરાબેન કાંતિભાઈ શેઠ પરિવાર

ધર્મવત્સલા શ્રી જ્યોતિકાબેન વિરેનભાઈ શેઠ
રત્નકુક્ષિણી શ્રી હેતલબેન સંજયભાઈ શેઠ
રિશિતાબેન - જયભાઈ, આરુષીબેન - શ્રેણિકભાઈ
શ્રી કિંજલબેન, અરહા, પરમ

અમારી હૃદયધરાના પરમાત્મા હે ગુરુદેવ!
સમયે સમયે અમને સત્યની રાહ દર્શાવનારા
અમારા જીવનની ક્ષણ-ક્ષણને ભક્તિભાવમાં ભીંજવી દેનારા
અમારા પુત્રીરત્ના કુમારી ઉપાસનાને
દીક્ષાના કલ્યાણ દાન આપીને
**પૂજ્ય શ્રી પરમ સ્વમિત્રાજી મહાસતીજી** સ્વરૂપે
શાસનના સાધ્વીરત્ના બનાવનારા...

હે અસીમ ઉપકારી ગુરુદેવ! હે અમારા તારણહારા!
આપશ્રીના શ્રીચરણોમાં શું અર્પણ કરીએ,
કે અમારા રોમ રોમ આપના ઋણી બની રહ્યાં!

હે ગુરુદેવ! હે અમારા પરમ!
દેવલોકના દેવોની જેમ દિવ્ય સમવશરણ
કદાચિત અમે સર્જી ન શકીએ પરંતુ,



ગિરનારની ધન્ય ધરા પર...
આપનું સાંનિધ્ય પામીને અનેક આત્માનું કલ્યાણ સર્જાય
એવા ભવ્યાતિભવ્ય સમગ્ર ચાતુર્માસના અમૂલ્ય લાભનું
ભાવ સમવશરણ સર્જવું અમારે!

પ્રતિક્ષા કરી રહ્યાં અમારા આતુર નયન ...
હવે જલ્દી પધારો હે ગુરુદેવ!
અમારા સહુના આત્માનું કલ્યાણ કરવા
ગિરનાર વંદનમ્ વર્ષાવાસ
પધારો... પધારો... પધારો !
અંતર અહોભાવથી-વિનય વંદન ભાવથી
આપનું સ્વાગત કરીએ.

– રત્નકુક્ષિણી શ્રી હેતલબેન સંજયભાઈ શેઠ
શ્રી કિંજલ સંજયભાઈ શેઠ



પારસધામથી દ્રશ્યમાન થાય એવા ગરવા એ ગિરનાર
કે શોભી રહ્યાં ઉત્તુંગ ભાલ પ્રદેશ – નયનરમ્ય નયન અને સુંદર નાસિકા સાથે કોઈ મહા યોગીરાજ



અમારા કૂળનું **ગૌરવ**,
વંદનીય અમારા **પુત્રીરત્ના...**

# પૂજ્ય શ્રી પરમ સ્વમિત્રાજી મહાસતીજી

વંદી રહીએ પરમ ગુરુદેવ પ્રત્યેની
આપની સમર્પણ ભાવનાને !
અહોભાવથી નતમસ્તક બનીએ,
ગુરુઆજ્ઞા પ્રત્યેની આપની નિષ્ઠાને !
કે અઢળક સમૃદ્ધિ, સ્વજન-પરિવાર અને
સમગ્ર સંસારનો ત્યાગ કરીને
ગુરુના ચરણ-શરણમાં આપ સંયમની સાધના કરીને
સંસાર સાગર તરી રહ્યાં !

ગુરુ પ્રત્યેની આપની સમર્પણ ભાવના
અને આપના ત્યાગ અને વૈરાગ્યની પ્રેરણાએ
આ ચાતુર્માસમાં અમારો આત્મા પણ
ત્યાગના સંસ્કારોથી સંસ્કારિત બની જાય...
અમારી સમર્પણ ભાવના એવી જાગૃત બની જાય...
કે ભવિષ્યમાં અમારો પણ સંસાર છૂટી જાય...
એવા મંગલ આશીર્વાદ અમારા પરિવાર પર
સદા વરસાવતાં રહેજો !



## આત્મહિતકારી નિત્ય ચાતુર્માસિક આરાધના

| પરમ ધ્યાન એવમ્ પ્રાર્થના | Jain Education Course in English | પરમ પ્રવચન |
|---|---|---|
| દરરોજ સવારે **7:00** કલાકે | દરરોજ સવારે **7:30** કલાકે | દરરોજ સવારે **8:30** કલાકે |



# મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહર સ્તોત્રની

**ચાતુર્માસિક 21 રવિવારીય સંકલ્પ સિદ્ધિ જપ સાધના । દર રવિવારે સવારે 9:00 કલાકે**

## ઉત્સવ અનેરા કલ્યાણના મહોત્સવ જુદેરા

**પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ**
20th – 27th August 2025

**ભગવાન મહાવીર જન્મોત્સવ**
24th August 2025

**પરમોત્સવ**
**પરમ ગુરુદેવનો 55th જન્મોત્સવ**
26th – 28th September 2025

**ભગવાન મહાવીર નિર્વાણ કલ્યાણક એવમ્**
**તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ**
**શ્રી રતિલાલજી મહારાજ સાહેબ જન્મજયંતિ**
20th October 2025

## મહાઉપકારી શિબિર

**NRI Shibir**
Switch on the Airplane Mode
Offline yet Awake
10th - 12th July 2025

**Sankalp Sadhana Utsav**
A special shibir
to know yourself
25th - 27th July 2025

**Runanubandh**
**Friendship Beyond Boundaries**
Friendship Day Youth Special Shibir
2nd - 3rd August 2025

**Selfie Self-Free Shibir**
Unfold your Beliefs,
Unmould your Astitva
15th - 17th August 2025

**Positive Parenting Shibir**
Discover the
art of Parenting
6th - 7th September 2025

**In Love with your In-laws**
Daughter & Mother In-Law
Shibir
13th -14th September 2025

**Global Look N Learn Didis Training Programme**
9th -12th October 2025

**3M Sadhana Utsav**
Celebrate Diwali with
Mantra, Maun & Meditation
18th - 20th October 2025

**Yuva Sanskar Shibir**
Only for Females
Connect Within, Grow Beyond
22nd-26th October 2025

**For more details Contact: +91 7303000555**

ઉજ્જ્વળ ભાવિના મંડાણ...

# સંયમ ભાવ સાધના

# ઉપધાન



સમયના પ્રવાહમાં, ઉમેરાશે એવી ઉજળી-ઉજળી ક્ષણો,
કે પરમ તત્ત્વ સ્વરૂપી પરમ ગુરુદેવના દિવ્ય યોગે, તીર્થભૂમિ ગિરનારની ધન્ય સ્પર્શનાએ સેંકડો આત્માઓ એક સાથે કરશે, ભાવિની ઉજ્જ્વળતાના મંડાણ!
પાપમય સંસારની શ્યામલતાથી દૂર દૂર... સંયમભાવની ઉજ્જ્વળતાનો પ્રસરાશે અજવાસ! કે ગૂંજી રહેશે, આત્મમિલનની ધ્યાન સાધનાનો અનુનાદ !
અગિયાર દિવસની સંયમ સાધનાની એ અમૂલ્ય ક્ષણો, ભાવ ઉપધાન તપ આરાધનાની એ દિવ્ય ક્ષણો... બસ, સર્જી રહેશે ભવ્ય જીવોની ભાવિની ભગવંતતાનો ઈતિહાસ !

**16TH – 26TH NOVEMBER 2025**

ડુંગર દરબાર ભૂમિ ધન્ય લાભાર્થી

**ધર્મવત્સલ શ્રી નટવરલાલ વચ્છરાજ ચોકસી પરિવાર – જૂનાગઢ**

મારે જીવનમાં એકવાર કરવા છે ઉપધાન!

**For Registration: Scan QR**

ચાતુર્માસનું
નવ્ય
નજરાણું

On the occasion of

## Chaturmas Shubhechha Avsar

Launching

# The Enlightenment Exhibition

A thoughtfully curated display of installations, artwork and interactive technology exhibits that explore the depths of human emotions and tap into ancient wisdom to bring solutions to modern day challenges.

## HIGHLIGHTS

- Augmented Reality (AR)
- 360-Degree Immersive Projections
- Gesture Recognition Technology
- Motion Sensors and Kinect System-based games
- Artificial Intelligence (AI) powered technology
- Virtual Reality (VR)
- Soundscapes & Interactive Audios













